સશિ૫/ફેબ્રુ૦૧/૬૦૦

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

## સત્સંગ પ્રવીણ

## પ્રશ્નપત્ર - ૨

બપોરે ૨ થી ૫]  (રવિવાર, ૧૮ ફેબ્રુઆરી, ૨૦૦૧)  કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

(વિભાગ - ૧  કિશોર સત્સંગ પ્રવીણ)

**પ્ર.૧. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''આમાં તમારું નામ ક્યાં છે ?''

૨. ''તે પાણીનું તમે શું કરશો ?''

૩. ''અમને ત્યાગી કરો.''

૪. ''તમારે અમે કહીએ તેમ કરવું છે કે સાધુ થવું છે ?''

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ બે પ્રસંગના કારણ આપીને સમજાવો. (બારેક લીટીમાં)** ૮

૧. લોલંગર બાવાઓ ભાગી ગયા.

૨. કૃપાનંદ સ્વામીના મંડળમાં સહુને સહેજે જ નિયમ-ધર્મની દૃઢતા રહેતી.

૩. બંધિયાના વાણિયાઓએ શ્રીજીમહારાજની માફી માંગી.

૪. શ્રીજીમહારાજ જેઠામેરના ઘરે પધાર્યા.

**પ્ર.૩. નીચેના કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. સુરાખાચર

૨. સ્વયંપ્રકાશાનંદ સ્વામી

૩. માનસી પૂજા

૪. જેતલપુરની ગણિકા





**પ્ર.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૬

૧. કરજ ચૂકવતી વખતે શું કરવાની આજ્ઞા શિક્ષાપત્રીમાં કરી છે ?

૨. તીર્થોના કયા કયા પ્રકાર છે ?

૩. જનમંગલ સ્તોત્રની રચના કોણે કરી છે ?

૪. કલ્યાણ એટલે શું ?

૫. શાસ્ત્રીજી મહારાજ મગનભાઈ માટે શું કહેતા ?

૬. વચનામૃત અં. ૨૪માં મહારાજે સોમલા ખાચરની શી પ્રશંસા કરી ?

**પ્ર.૫. નીચે આપેલ સ્વામીની વાત પૂરી કરી તેનું વિવરણ લખો અથવા વચનામૃતનું નિરૂપણ કરો.** ૫

નંદરાજા આખી પૃથ્વી.......

**અથવા**

ગઢડા પ્રથમ પ્રકરણનું ૨૨મું

**પ્ર.૬. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (પંદરેક લીટીમાં)** ૫

૧. ભક્તરાજ મગનભાઈ

૨. જીવા ખાચર

૩. ઉપાસના

**પ્ર.૭. નીચેનામાંથી કોઈપણ ત્રણ કીર્તન/શ્લોક/અષ્ટકની ખૂટતી કડી પૂરી કરો.** ૬

૧. શિક્ષાર્થમત્ર નિજ .................................. શરણં પ્રપદ્યે ॥

૨. આસામહો ................................વિમૃગ્યામ્ ॥

૩. વહાલા તારા જુગલ ......................... દીન છે રે લોલ.

૪. દેશ, કાળ ને ક્રિયાએ .................................... દયા કરી હરિ તમે.

૫. કલ્પતરુ સર્વના ................. ઉપાસના સૌથી મોટી.

(વિભાગ - ૨ ગુણાતીતાનંદ સ્વામી)

**પ્ર.૮. નીચેનામાંથી કોઈપણ બે વિધાન કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** ૬

૧. ''કાલ કોણે ભાળી છે ?''

૨. ''અહો ! આમની શ્રદ્ધા તો જુઓ.''

૩. ''મા, મા, જનોઈનાં ગીત ગાઓ.''

૪. ''મારું કહ્યું તો એક જોગી જ ફેરવી શકે.''

**પ્ર.૯. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં)** ૮

૧. વાઘા ખાચરની સુષુપ્તિ અવસ્થા મટી ગઈ.

૨. ભગુજીએ દોડીને સ્વામીના ખભા પરથી ગોદડીઓ લઈ લીધી.

૩. ખંભાતના નવાબ સ્વામીના ચરણોમાં પડી ગયા.

૪. મૂળજી ભક્ત સીધા ગઢડા મહારાજને મળવા ચાલી નીકળ્યા.

**પ્ર.૧૦. નીચેનામાંથી કોઈપણ બે વિષે મુદ્દાસર નોંધ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. આજ્ઞાધારક

૨. સૂક્ષ્મ તપ

૩. ભક્તવત્સલ

૪. તુલસી દવેને સમાધિ

**પ્ર.૧૧. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** ૫

૧. ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

૨. શ્રીજીમહારાજે શુકાનંદ સ્વામીને ગુણાતીતાનંદ સ્વામી વિશે શું કહ્યું ?

૩. ધરમપુર જતાં રસ્તામાં કોની સેવામાં કોણ રોકાયું ?

૪. ગુણાતીતાનંદ સ્વામીએ શું ગ્રહણ કરી કોનું દારિદ્રય ટાળ્યું ?

૫. મહારાજે પંચાળામાં સ્વામીની ઓળખાણ કેવી રીતે કરાવી ?





**પ્ર.૧૨. નીચેનામાંથી કોઈપણ બે પ્રસંગો ટૂંકમાં વર્ણવી ભાવાર્થ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. ક્ષમાશીલ

૨. બજારના કાંટા

૩. ખારા જીવને મીઠા કર્યા.

૪. વેદાંતીઓનો પરાજય

(વિભાગ - ૩ 'સત્સંગ પરિચય' પરીક્ષાનાં પુસ્તકોને આધારે)

**પ્ર.૧૩. નીચેનામાંથી કોઈપણ ત્રણ વિષે ત્રીસ-ત્રીસ લીટીમાં વિવરણ લખો.** ૨૧

૧. કબૂતરના કબૂતર

**અથવા**

ગવર્નર માલ્કમ સાથે મુલાકાત

૨. નિત્યાનંદ સ્વામીની વિદ્વત્તા

**અથવા**

આજ્ઞાપાલક દાદાખાચર

૩. જૂનાગઢમાં અપૂર્વ સન્માન

**અથવા**

અક્ષરજ્ઞાનનો ઉદ્‌ઘોષ

૪. હિમરાજ શાહ

**અથવા**

ગુંદાળી ગામના બે કાઠી હરિભક્ત

❖ ❖ ❖